# THE TIMES OF INDIA

## City boy scores first rank in int'l Olympiad

TIMES NEWS NETWORK

**Vadodara:** A class V boy of a city-based school scord the first rank in the International Science Oympiad exam conducted by the Gurgaon-based Science Olympiad Foundation last month.



**Aadit Bhagade**, who studies in the Delhi Public School at Kalali, had even secured third place internationally, in the cyber Olympiad which was conducted in January.

"He has been taking Olympiad exams since he was in class I and used to study religiously. Science has always been his favourite subject along with mathematics," said Bhagade's mother Dr Dilita Bhagade, a gynaecologist. She added that last year Bhagade had got first rank internationally in the English Olympiad.

Besides the science and cyber Olympiad exams, Bhagade had also taken the mathematics Olympiad in which he stood third in the western Indian zone.

For his performance in the science Olympiad, Bhagade received a cash prize of Rs 50,000 and a gold medal.

# ગુજરાત સમાચાર

૨૦ દેશોના ૧૪૦૦ શહેરોની ૪૨૦૦૦ સ્કૂલોના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

## સાયન્સ ઓલિમ્પિયાડ પરીક્ષામાં વડોદરાનો વિદ્યાર્થી પહેલા ક્રમે

વડોદરા,મંગળવાર

પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતા વડોદરાના વિદ્યાર્થીએ દિલ્હીની સંસ્થા સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન દ્વારા લેવાતી ૨૦૧૭-૧૮ની સાયન્સ ઓલિમ્પિયાડ પરીક્ષામાં સાયન્સ વિષયમાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે.૧ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓની દરેક ધોરણ પ્રમાણે લેવાતી આ પરીક્ષામાં ભારત સહિત ૨૦ દેશોના ૧૪૦૦ શહેરોની ૪૨૦૦૦ સ્કૂલોના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા.

### પાંચમા ધોરણમાં ભણતા આદિતે સાયન્સ વિષયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પહેલો અને ગણિત વિષયમાં ત્રીજો ક્રમાંક મેળવ્યો

છેલ્લા કેટલાક વર્ષોથી દિલ્હીની સંસ્થા વિદ્યાર્થીઓના ટેલેન્ટને બહાર લાવવા અને સ્પર્ધાત્મકતા વધારવા માટે શાળા કક્ષાએ સાયન્સ, મેથ્સ, કોમ્પ્યુટર વિષયનીપરીક્ષા લે છે.જેમાં અન્ય દેશોના વિદ્યાર્થીઓ પણ ભાગ લે છે.વડોદરાની દિલ્હી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતા પાંચમા ધોરણના વિદ્યાર્થી આદિત ભગાડેએ પણ આ પરીક્ષા આપી હતી.પહેલા લેવલમાં સ્કૂલ કક્ષાએ પસંદ થયા બાદ રાષ્ટ્રીય કક્ષાએ ગત ડિસેમ્બરમાં ફાઈનલ એક્ઝામ લેવામાં આવી હતી.આ પરીક્ષામાં ધોરણ પાંચના સાયન્સ વિષયમાં દેશ વિદેશના હજારો વિદ્યાર્થીઓમાં આદિતે આંતરરાષ્ટ્રિય સ્તરે પહેલુ સ્થાન મેળવવાની સાથે સાથે ૫૦૦૦૦



રૂપિયાનુ કેશ પ્રાઈઝ પણ મેળવ્યુ છે.જ્યારે કોમ્પ્યુટર વિષયમાં તેણે આંતરરાષ્ટ્રિય સ્તરે ત્રીજો ક્રમ મેળવ્યો છે.મેથ્સ વિષયમાં તે વેસ્ટ ઝોનમાં ત્રીજા ક્રમે આવ્યો છે.

# સંદેશ

## સાયન્સ ઓલિમ્પિયાડમાં આદીતનું આઉટસ્ટેન્ડિંગ પરફોર્મન્સ



કલાલી ફાટક સ્થિત ડીપીએસ સ્કૂલના ધોરણ પાંચના વિદ્યાર્થી અને ડો. પ્રકાશ અને ડો. દીલીતા ભગાદેના પુત્ર આદીત ભગાદેએ વર્ષ ૨૦૧૭-૪૮ માટે આયોજીત કરાયેલી સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન્સની એક્ઝામમાં આઉટસ્ટેન્ડીંગ પરફોર્મન્સ કર્યુ છે. આદીતે ઈન્ટરનેશનલ ગોલ્ડ મેડલની સાથે ઈન્ટરનેસનલ ફર્સ્ટ રેંક મેળવી છે. આ સિધ્ધિ બદલ તેને ગોલ્ડ મેડલ ઉપરાંત ૫૦ હજાર રોકડાનો પુરસ્કાર એનાયત કરાયો હતો. આદીતે નેશનલ સાઈબર ઓલિમ્પિયાડમાં પણ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ઉપરાંત તેણે ઈન્ટરનેશનલ મેથ્સ ઓલિમ્પીયાડમાં ઝોનલ બ્રોન્ઝ મેડલ પણ મેળવ્યો હતો. ઉલ્લેખનિય છે કે ઈન્ટરનેશનલ લેવલની આ કોમ્પિટીશનમાં વિશ્વના વિવિધ ૨૫ દેશોના અંદાજે ૧૪૦૦ ઉપરાંત શહેરોની ૪૨ હજાર સ્કૂલોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.